ક્રમાંક: જીઆઇડીસી/એએલટી/
પોસ્ટ-વિતરણ/પોલિસી/ ૦૭
જીઆઇડીસી, વડી કચેરી,
ગાંધીનગર.
તા- 27/05/2022

// પરિપત્ર //

વિષય : બેંક/ અન્ય નાણાંકીય સંસ્થાઓ/આરસીલ/ સરફાસી એક્ટ હેઠળ નોંધાયેલ કંપનીઓ/ ઓએલ/ ડીઆરટી/ એનસીએલટી/ અન્ય સરકારી વિભાગો/ અન્ય સરકારી સંસ્થાઓ દ્વારા થયેલ હરાજીના કિસ્સાઓમાં તબદીલીની મંજુરીની સત્તા તથા એનસીએલટીના કિસ્સામાં તબદીલી ફી બાબત.

સંદર્ભ : ૧. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ પોલિસી/ પોસ્ટ-વિતરણ/ ૪૧, તા. ૧૭/૧૨/૨૦૨૧
૨. નિગમના પરિપત્ર ક્રમાંક : GIDC/ Post-alt./ Delegation/ Corrigendum/ 91, તા. ૦૬/૦૭/૨૦૧૭

નિગમ દ્વારા મિલકતની તબદીલી અંગે સરળ અને સંકલિત નીતિ પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ પોલિસી/ પોસ્ટ-વિતરણ/ ૪૧, તા.૧૭/૧૨/૨૦૨૧થી જારી કરવામાં આવેલ. જેમાં બેંક/ આરસીલ (ARCIL)/ અન્ય નાણાંકીય સંસ્થાઓ/ ડીઆરટી(DRT)/ ઓફિસિયલ લીક્વીડેટર (OL)/ જી.આઈ.આઈ.સી./ જી.એસ.એફ.સી./ અન્ય સરકારી સંસ્થા/ અન્ય સરકારી વિભાગો / સરકારી સંસ્થાઓ વિભાગો/ આરસીલ (ARCIL) જેવી સરફાસી એક્ટ હેઠળ નોંધાયેલ કંપની દ્વારા કરવામાં આવતા હરાજીના કિસ્સાઓ માટે તબદીલીની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં, નિગમ દ્વારા સત્તા સોંપણીના પરિપત્ર તા-૦૬/ ૦૭/ ૨૦૧૭ થી બેંક/ અન્ય નાણાંકીય સંસ્થાઓ/ આરસીલ/ સરફાસી એક્ટ હેઠળ નોંધાયેલ કંપનીઓ/ ઓએલ/ ડીઆરટી/ અન્ય સરકારી વિભાગો/ અન્ય સરકારી સંસ્થાઓ દ્વારા થયેલ હરાજીના કિસ્સાઓમાં મિલ્કતની અનૌપચારિક તબદીલીની સત્તા વિભાગીય પ્રબંધકશ્રીને સોંપવાનું ઠરાવવામાં આવેલ.

સદર કિસ્સાઓમાં નિર્ણયમાં એકસુત્રતા જળવાઇ રહે તે હેતુથી ઉપરોક્ત તમામ કિસ્સાઓ તથા એનસીએલટીના કિસ્સામાં નિર્ણય લેવાની સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવા તથા એનસીએલટીના કિસ્સામાં વસૂલવાપાત્ર તબદીલી ફી બાબતે કાર્યસૂચિ ક્રમાંક: ૨૦/ પો.વિતરણ/ ૫૧૬/ ૨૦૨૨ નિગમની સભા સમક્ષ સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ દ્વારા થયેલ ઠરાવ ક્રમાંક: ૧૭/ પો.વિતરણ/ ૫૧૬/૨૦૨૨, અન્વયે નિગમના પરિપત્ર ક્રમાંક : GIDC/ Post-alt./ Delegation/ Corrigendum/ 91, તા.૦૬/૦૭/૨૦૧૭ તથા નિગમના પરિપત્ર ક્રમાંક:

જીઆઇડીસી/ પોલિસી/ પોસ્ટ-વિતરણ/ ૪૧, તા. ૧૭/૧૨/૨૦૨૧ માં નીચે મુજબ સુધારો/વધારો કરવામાં આવે છે.

- બેંક/ અન્ય નાણાંકીય સંસ્થાઓ/ આરસીલ/ સરફાસી એક્ટ હેઠળ નોંધાયેલ કંપનીઓ/ ઓએલ/ ડીઆરટી/ અન્ય સરકારી વિભાગો/ અન્ય સરકારી સંસ્થાઓ દ્વારા થયેલ હરાજીના કિસ્સાઓમાં મિલ્કતની તબદીલીની સત્તા તથા એનસીએલટીના કિસ્સામાં નિર્ણય લેવાની સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને હસ્તક રહેશે
- એનસીએલટીના કિસ્સામાં ફડચામાં ગયેલ હોય તેવી કંપનીઓના કિસ્સામાં મિલકતનું વેચાણ એનસીએલટી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં નિગમના પરિપત્ર તા-૧૭/૧૨/૨૦૨૧ (પાન નં-૧૫) માં ઓફિસિયલ લિક્વિડેટર/ ડી.આર.ટી.ના હરાજી/ વેચાણના તબદીલીના કિસ્સાઓ બાબતે થયેલ જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
- જ્યારે એનસીએલટીના અન્ય કિસ્સાઓમાં નિગમના પરિપત્ર તા-૧૭/૧૨/૨૦૨૧ માં જણાવ્યા અનુસાર મિલકતના વપરાશના આધારે તબદીલી ફી વસૂલવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ-વિતરણ)ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના :</u>

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇંડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૨. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

૩. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... નિગમની વેબસાઇટ પર મૂકવા સારું.

રવાના કર્યું,

નાયબ મેનેજર (મહેકમ)